# અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

## - પોલીસ કમિશનરશ્રીની ફરજો –

શહેરમાં પોલીસ કમિશનરશ્રી, પોલીસ વિભાગના વડા તરીકે હોય છે. તેઓશ્રીએ પોલીસને લગત તમામ કામગીરીઓ અને વહિવટ યોગ્ય રીતે ચાલે તે સુનિશ્ચિત કરવાનુ તેમજ શહેરની કાયદો અને વ્યવસ્થા જાળવવા માટેના તમામ પ્રયત્નો કરવાનાં હોય છે.

## - અધિક પોલીસ કમિશનરશ્રીની ફરજો –

તેઓશ્રી દ્વારા વહીવટી કામગીરી તેમજ ક્રાઇમ અને ટ્રાફિક વિભાગનું સુપરવીઝન કરવામાં આવે છે. પોલીસ સ્ટેશનની વિઝિટ કરી તાબાનાં અધિકારીશ્રીઓને કામગીરીમાં સુધાર કરવા જરૂરી સુચનાઓ આપવાનું હોય છે.

## - નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૧/૨ ની ફરજો -

તેઓશ્રીએ તેઓના ઝોન વિસ્તારમાં આવેલા પોલીસ સ્ટેશનોમાં જરૂરી સુપરવિઝન રાખવાનું હોય છે. તેઓએ પોતાના તાબા હેઠળના પોલીસ સ્ટેશનમાં ગુન્હાખોરી અટકાવવા તેમજ ગંભિર પ્રકારના ગુન્હાઓમાં થાણા અધિકારીને જરૂરી માર્ગદર્શન આપવાનું હોય છે. તેમજ તાબાના પોલીસ સ્ટેશનમાં વહીવટી કામગીરીનું પણ સુપરવિઝન રાખવાનું હોય છે અને સમયાંતરે પોલીસ સ્ટેશનની મુલાકાત લઇ પોલીસ સ્ટેશનને લગત પ્રશ્નોમાં જરૂરી માર્ગદર્શન આપવાનું હોય છે.

## - નાયબ પોલીસ કમિશનરશ્રી(ટ્રાફિક વિભાગ)ની ફરજો –

તેઓશ્રીએ ટ્રાફિક શાખાને તમામ અધિકારી/કર્મચારીઓનું સુપરવિઝન કરવાનું હોય છે. શહેરમાં ટ્રાફિકને લગતી સમસ્યાઓના નિવારણ માટેના પ્રયત્નો કરવાનાં હોય છે. તેમજ ટ્રાફિકના કાયદાનુ ઉલ્લંઘન કરનાર વ્યક્તિઓ વિરૂધ્ધ કાયદાની જોગવાય મુજબ થતા દંડ/કાર્યવાહીની કામગીરીની દેખરેખ રાખવાની હોય છે. તેમજ શહેરમાં જ્યારે મોટા તહેવારો વી.આઇ.પી. બંધોબસ્ત, મેળા વગેરે હોય ત્યારે સામાન્ય પ્રજાજનોને અગવળતા ન પડે તે રીતે ટ્રાફિકનો સુચારૂ રુપે સંચાલન કરનુ  હોય છે.

## - નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ અને ખાસ શાખાની ફરજો –

તેઓશ્રીએ શહેરમાં થતા મિલકત સંબંધી ગુન્હાઓ અટકે તે માટે ડીસીબી પોલીસ સ્ટેશનને જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આવાની હોય છે. આ ઉપરાંત શહેરમાં થતા સાયબર ક્રાઇમને નિયંત્રણમાં લાવવા સાયબર પોલીસ સ્ટેશનને જરૂરી સુચનાઓ આપવાની હોય છે. આ ઉપરાંત શહેરમાં રેલી, ધરણાં સંબંધી જરૂરી નિયમો અનુસારની મંજુરી આપવાની હોય છે. તેમજ તહેવારો અને વી.વી.આઇ.પી મુવમેન્ટ વખતે રાજકોટ શહેરના પોલીસ સ્ટેશનોમાં બંદોબસ્ત સંબંધી જરૂરી સુચનાઓ આપવાની હોય છે. તેઓએ ડીસીબી, સાયબર તેમજ ખાસ શાખાની વહીવટી કામગીરીનું જરૂરી સુપરવિઝન રાખવાનુ હોય છે.

## - વિભાગીય મદદનીશ પોલીસ કમિશનરશ્રી ની ફરજો –

તેઓશ્રીએ પોતાના તાબા હેઠળ આવતા પોલીસ સ્ટેશનનુ જરૂરી સુપરવિજન રાખવાનું હોય છે. જ્યારે તાબાબના પોલીસ સ્ટેશનોમાં કોઇ ગંભિર ગુન્હા બને ત્યારે જાતે ગુન્હાવાળી જગ્યાની વિજિટ કરી ગુન્હા ઉકેલવા માટે જરૂરી સુચનાઓ થાણા અધિકારીશ્રીને આપવાની હોય છે. તેઓ પોતાના તાબા હેઠળના પોલીસ

સ્ટેશન માટે અપીલ અધિકારી હોય છે. તેઓએ તાબાનાં પોલીસ સ્ટેશનમાં આવતા બંદોબસ્તોનું પણ સુપર વિઝન કરવાનું હોય છે. આ ઉપરાંત ગુન્હાખોરીને કાબુમાં લેવા તાબાના થાણા અધિકારીને જરૂરી માર્ગદર્શન આપવાનું હોય છે. તેમજ પોલીસ સ્ટેશનની વહીવટી કામગીરીનું સુપરવિજન રાખવાનું હોય છે. તેમજ વિસ્તારમાં દારુ જુગાર જેવી પ્રવૃતિઓ કાબુમાં લેવા જરૂરી સુચનાઓ આપવી.

**(૧) મદદનીશ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ વિભાગ-**

ડી.સી.બી પો.સ્ટે., એસ.ઓ.જી., પી.સી.બી., ખાસ શાખા, પેરોલ ફર્લો સ્ક્વોડની કામગીરીનું સુપરવિઝન કરવું અને રાજકોટ શહેરમાં બનતા ભારે ગુન્હાઓની બનાવવાળી જગ્યાની વિઝીટ કરી ગુન્હો ઉકેલવા જરૂરી પ્રયત્નો કરવાનાં હોય છે. તેમજ ગુન્હાખોરીને કાબુમાં લેવા ડીસીબી પોલીસ સ્ટેશનને જરૂરી સુચનો કરવાનાં હોય છે. આ ઉપરાંત નાસતા ફરતા આરોપીઓ પકડવા જરૂરી પ્રયત્નો કરવા તેમજ કેદીઓ પેરોલ ફર્લો રજા પરથી ભાગી ગયેલ હોય તો તેઓને પકડવા પેરોલ ફર્લો સ્કોર્ડને જરૂરી માર્ગદર્શન આપવું.

**(૨) મદદનીશ પોલીસ કમિશનરશ્રી એસ.સી./એસ.ટી. સેલ** - હાલમાં જગ્યા ખાલી છે.

**(૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી (મહિલા સેલ) –**

તેઓના તાબામાં મહિલા પોલીસ સ્ટેશન આવે છે. મહિલા પોલીસ સ્ટેશનની કામગીરીનું સુપર વિઝન તેઓશ્રી દ્વારા થાય છે. તેમજ મહિલા સુરક્ષા અને મહિલા હક્ક લગત વિવિધ કાર્યક્રમો થકી મહિલાઓમાં જાગૃતિ લાવવાનુ કામ પણ તેઓશ્રી દ્વારા થાય છે.

**(૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી (કંટ્રોલરૂમ) –**

તેઓશ્રી પોલીસ કંન્ટ્રોલરૂમના ઇન્ચાર્જ હોય છે. વિવિધ લોકો થકી ૧૦૦ નંબર પર કરવામાં આવતા પોલીસ કંન્ટ્રોલરૂમ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવતી હોય છે. જે બાબતનુ સુપરવિઝન તેઓશ્રી દ્વારા થાય છે.

**(૫) મદદનીશ પોલીસ કમિશનરશ્રી સાયબર સેલ –**

તેઓશ્રીના તાબા હેઠળ સાયબર પોલીસ સ્ટેશન આવે છે. તેઓશ્રી દ્વારા શહેરમાં થતા સાયબર લગત ગુન્હાઓનું કાબુમાં લાવવા માટે જરૂરી પ્રયત્નો કરવા તેમજ તે માટે સાયબર પોલીસ સ્ટેશનને જરૂરી માર્ગદર્શન આપવાનું હોય છે. આ ઉપરાંત સાયબર લગત ઓનલાઇન ગુન્હાઓ ઉકેલવા તેમજ સાયબર પોલીસ સ્ટેશનની વહીવટી કામગીરી માટે જરૂરી માર્ગદર્શન આપવાનુ હોય છે. તેઓશ્રી દ્વારા અવાર નવાર સાયબર લગત જાગૃતતા લાવવા અવેરનેસ પ્રોગ્રામો કરવામાં આવે છે.

**(૬) મ.પો.કમિ શ્રી.ટ્રાફીક શાખા –**

તેઓશ્રીએ શહેરની ટ્રાફીક લગત સમસ્યાઓનુ નિરાકરણ લાવવા જરૂરી પ્રાયત્નો કરવાનાં હોય છે. તેમજ ટ્રાફિક વિભાગના તાબાના પોલીસ અધિકારી/કર્મચારી તેમજ ટીઆરબીની કામગીરીનુ સુપરવિઝન કરવાનું હોય છે. તેમજ તહેવારો અને વીવીઆઇપી મુવમેન્ટ દરમ્યાન ટ્રાફિક સુચારૂ રૂપે ચાલે તે માટે જરૂરી બંદોબસ્ત ગોઠવવાનો હોય છે.

**(૭) મ.પો.કમિ.શ્રી. પોલીસ હેડ કવાર્ટરઃ –**

તેઓશ્રીએ પોલીસ હેડ ક્વાર્ટરની પોલીસ મારફતે કેદીઓના જરૂરી જાપ્તા ફાળવવાના હોય છે. આ ઉપરાંત પોલીસ હેડ ક્વાર્ટર ખાતે થતી પરેડ, સ્પોર્ટસ એક્ટિવિટિ, તાલીમો તેમજ અન્ય અવેરનેસ કાર્યક્રમ અને હેડ ક્વાર્ટર ખાતે થતા અન્ય કાર્યક્રમોન આયોજન કરવાનુ હોય છે. આ ઉપરાંત પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પોલીસ લાઇનને લગત વિવિધ પ્રશ્નોનુ નિરાકણ લાવવુ. તેમજ પોલીસ લાઇનમાં રહેતા પોલીસ કમર્ચારીઓને

સુવીધા મળે તે બાબતે જરૂરી કાર્યવાહી કરવી અને તહેવારો દરમ્યાન મોટા બંદોબસ્તો હોય તે વખતે પોલીસ સ્ટેશનમાં જરૂરીયાત મુજબ પોલીસ હેડ ક્વાર્ટરથી વધારાના પોલીસ કર્મચારીઓ ફાળવવા.

<u>(૮) થાણા અમલદાર (પોલીસ ઈન્સ્પેકટર/પોલીસ સબ ઈન્સ્પેકટર)</u> –

તેઓએ પોતાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા બરાબર જળવાય તે માટે જરૂરી કાર્યવાહી કરવાની હોય છે. તેઓએ પોતાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારુ જુગાર જેવી ગેરકાયદેસ પ્રવૃતિ પર નિયંત્રણ મેળવવા પરતા પ્રયત્નો કરવાના હોય છે. તેઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત/શરીર સંબંધિ ગુન્હાઓ અટકે તે માટે જરૂરી કાર્યવાહી કરવાની હોય છે અને આ પ્રકારના ગુન્હા બન્યેથી ગુન્હા નોંધી તેને સત્વરે ઉકેલવા તેમજ આરોપીઓને સત્વરે પકડવા જરૂરી કાર્યવાહી કરવાની હોય છે. તેમજ તહેવારો અને વીવીઆઇપી મુવમેન્ટ દરમ્યાન પોતાના પો.સ્ટે. વિસ્તારમાં જરૂરી બંદોબસ્તો ગોઠવવાના હોય છે અને તમામ તહેવારો શાંતિ અને એખલાસ ભર્યા વાતાવરણમાં થાય તે સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવાની હોય છે. તેઓશ્રીએ પોતાના પો.સ્ટે. વિસ્તારમાં કાયદાનુ પાલન કરાવવાનુ હોય છે. અને પોલીસ સ્ટેશનમાં ચાલતી તમામ વહીવટી કામગીરીનુ સુપરવિઝન કરવાનુ હોય છે.

<u>(૯) પો.ઈન્સશ્રી. ડી.સી.બી. પો.સ્ટે.</u> –

તેઓશ્રીએ ડીસીબી પોલીસ સ્ટેશનની તમામ કામગીરીઓનુ સુપરવિઝન કરવાનુ હોય છે. તેઓશ્રીએ શહેરમાં બનતા મિલકત સંબંધી ગુન્હાઓ બનતા અટકે તે માટે તાબાના કર્મચારીઓથી જરૂરી કાર્યવાહી કરવાની હોય છે અને શહેરનાં અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા માટે જે તે પો.સ્ટે.ના તપાસનીશ અધિકારીઓ સાથે મદદમાં રહેવાની તેમજ પ્રોહી. જુગારની અસામાજીક પ્રવૃતીઓ ડામી દેવાની કામગીરી કરવાની હોય છે. નાસતા ફરતા ગુન્હેગારોને પકડવા જરૂરી કાર્યવાહી કરવાની હોય છે. આ ઉપરાંત તેઓશ્રીને જે ગંભિર ગુન્હાઓની તપાસ સોપવામાં આવે તેમાં ગુન્હો ઉકેલી આરોપીઓ પકડવા પુરતા પ્રયત્નો કરવાના હોય છે.

<u>(૧૦) પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી સાયબર ક્રાઇમ પો.સ્ટે.-</u>

તેઓશ્રીએ ઓનલાઇન ફ્રોડ તેમજ સાયબર લગત ગુન્હાઓનુ સુપરવિઝન કરવાનુ હોય છે. આ પ્રકારના ગુન્હાઓ અટકાવવા પુરતા પ્રયત્નો કરવાના હોય છે. તેમજ ગુન્હો બન્યેથી દાખલ કરી ગુન્હા ઉકેલવા તેમજ આરોપીઓ પકડવા જરૂરી પ્રયત્નો કરવાના હોય છે. સાયબર પોલીસ સ્ટેશનની તમામ કામગીરી તેમજ વહીવટી કામગીરીનું સુપરવિઝન કરવાનું હોય છે. તેઓશ્રીએ સાયબર ફ્રોડ ન થાય તે માટે જરૂરી સેમિનારો અને અવેરનેસ પ્રોગ્રામો કરવાના હોય છે.

<u>(૧૧) હેડ કોન્સ્ટેબલ</u> –

તેઓશ્રીએ થાણા અધિકારીશ્રીઓ દ્વારા સોંપવામાં આવેલ કામગીરી કરવાની હોય છે તેમજ સામાન્ય(ગંભિર નહીં તેવી) તપાસો કરવાની હોય છે. આ ઉપરાંત ઉપરલ અધિકારીશ્રોઅીના માર્ગદર્શન મુજબ બંદોબસ્તો, પરેડ, નાઇટ રાઉન્ડ, તપાસ વગેરે કરવામાં આવે છે.

<u>(૧૨) કોન્સ્ટેબલ</u> – તેઓશ્રીએ તેમને સોંપવામાં આવેલ ફરજ મુજબ કામગીરી કરવાની હોય છે.

<u>(૧૩) આર્મ પોલીસ</u> - તેઓશ્રીએ તેમને સોંપવામાં આવેલ ફરજ મુજબ કામગીરી કરવાની હોય છે.

# <u>પોલીસ કમિશનરશ્રીની કચેરીની વિવિધ શાખાઓના અધિકારી/કર્મચારીની</u>

# <u>ફરજો અને સત્તાઓ -</u>

<u>**(૧) પો.ઈન્સશ્રી. ખાસ શાખા. –**</u> તેઓશ્રીએ ઇન્ટેલીજન્સને લગતી ગુપ્ત માહિતીઓ એકઠી કરવી, વી.આઇ.પી. બંદોબસ્તો ફાળવવા,તહેવારો, સભા, સરઘસને લગતા બંદોબસ્તની ફાળવણી, પ્રેસ કટીંગની કામગીરી, રોલ વેરીફીકેશનની કામગીરી, આત્મવિલોપન અરજી અંગેની કાર્યવાહી, સરકારી તેમજ બીન સરકારી સંગઠનોની અલગ અલગ જાતી વાદી સંગઠનોની પ્રવૃતિ પર નિરિક્ષણ રાખવાની તથા જાહેરનામું બહાર પાડવાને લગત કામગીરી કરવાની હોય છે.

<u>**(૨) પો.ઈન્સશ્રી. લાયસન્સ શાખા. –**</u> તેઓશ્રી પોલીસ કમિશનરશ્રી દ્વારા સોંપવામાં આવતી કામગીરી કરે છે. પો.ઇન્સ.શ્રી લાયસન્સ શાખાના તાબા હેઠળ હથિયાર પરવાના, ફટાકડા લાયસન્સ,ખાનગી ઇવેન્ટસને મંજૂરી આપવી એ મુખ્ય કામગીરી છે. આ ઉપરાંત તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ થી આર.ટી.આઇ. સેલની રચના કરવામાં આવેલ છે ત્યારથી તેઓ આર.ટી.આઇ.સેલના નોડલ અધિકારી તરીકે કામગીરી કરે છે.

<u>**(૩) પો.ઈન્સશ્રી. પી.સી.બી. શાખા –**</u> તેઓશ્રીએ પો.સ્ટે. તરફથી અવાર નવાર ગુન્હા કરવાની ટેવવાળા ઇસમો, વિરૂધ્ધ આવતા પાસાના પ્રપોઝલ અંગે પોલીસ કમિશનરશ્રીના આદેશ અનુસાર કામગીરી કરવાની હોય છે.

<u>**(૪) પો.ઇન્સ.શ્રી આર્થિક ગુન્હા નિવારણ શાખા-**</u> તેઓશ્રી દ્વારા પોલીસ કમિશનરશ્રીની સુચના મુજબના મોટા આર્થિક ગુન્હામાં તપાસ કરવામાં આવતી હોય છે.

<u>**(૫) પો.ઇન્સ.શ્રી એસ.ઓ.જી.-**</u> એન.ડી.પી.એસ/હથિયાર/આંતકવાદી પ્રવૃત્તિ/દેશ વિરોધી પ્રવૃત્તિ/હોટલ-આંગડીયા(પેઢી)-સાયબર કાફે-મંદિર-મસ્જિદ-મદરેશા-દરગાહ-વાઇટલ ઇન્સ્ટોલેશન ચેકિંગ તથા તેને લગતા ગુન્હાઓ શોધવાનું કાર્ય આંતકવાદી સંસ્થાઓ સાથે સંબંધ ધરાવતા અથવા તેમની સાથે સહાનુભુતી ધરાવતા માણસો ઉપર, રૂઢીચુસ્ત સંસ્થાઓની પ્રવુતી ઉપર નજર રાખવી, શંકમંદ ટેલિફોન નંબરો ઓળખી તેના ઉપર નજર રાખવી, પાકિસ્તાન,બાંગ્લાદેશો વિગેરે દેશોમાં ફેકસ/ટેલિફોન કરતા એસ.ટી.ડી.ઓ/પી.સી.ઓની યાદી બનાવવી, સારા સોર્સ ઉભા કરવા અને કોઇપણ પ્રકારની આતંકવાદી પ્રવુતિને નિષ્ક્રીય બનાવવી, આંગડીયા, સ્ફોટક પદાર્થ વેચનાર ઉપર નજર રાખવી અને તેમના લાયસન્સની ઘનિષ્ઠ તપાસ કરવી, હવાલા દ્વારા પૈસાની લેવડ-દેવડ અથવા આતંકવાદીઓ સાથે સંબંધ ધરાવતા હોય તો જરૂરી પગલા લેવા.

<u>**(૬) પો.ઈન્સશ્રી. માઉન્ટેન્ડ**</u> – આ શહેરમાં માઉન્ટેન્ડ પોલીસ ઈન્સ્પેકટર હસ્તક અશ્વદળ કાર્યરત છે. તેઓશ્રી ફરજમાં જંગમ મિલ્કતોનું રક્ષણ, બંદોબસ્ત તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવણી વિગેરેની ફરજો.

<u>**(૭) પોલીસ વાયરલેસ ઈન્સ્પેકટર**</u> - તેઓશ્રી દ્વારા વાયરલેસ સેટ રીપેરીંગ, ઇન્સ્ટોલેશન, કોમ્યુનિકેશન વગેરેની કામગીરી કરવી તથા રાજકોટ શહેર ખાતેના કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમનુ જનરલ સુપરવિઝન કરી સી.સી.ટી.વી ફુટેજ મેળવવા તેમજ માંગણી મુજબ જેતે પો.સ્ટે./શાખાને મોકલવા.તેમજ કોમ્પ્યુટર/પ્રિન્ટર,હાર્ડવેર તથા સોફટવેર રીપેરીંગ જી-સ્વાન કનેકટેવીટી,વડી કચેરી તરફથી કરવામાં આવતી વી.સી/ક્રાઇમ/પ્રેસ કોન્ફરંસ નુ આયોજન વગેરે કામગીરી કરવામાં આવે છે.

**(૮) પો.ઈન્સશ્રી. રીડર શાખા** - સમગ્ર શહેરમાં ગુનાની આંકડાકિય માહિતીનું સંકલન કરવુ અને બનેલ ગુન્હાઓનુ ક્રાઇમ રીવ્યુની ચકાસણી કરી વખતોવખત પોલીસ કમિશનરશ્રીને આ બાબતે જરૂરી માહિતી આપે છે. દરેક પ્રકારના ક્રાઇમ સંબંધિત પત્ર વ્યવહાર અને ગંભીર પ્રકારના ગુનાઓની માહિતી થી પોલીસ કમિશનરશ્રી ને વાકેફ કરવાની તથા ઉપરી અધિ.શ્રીને જાણ કરવાની ફરજ છે. પોલીસ કમિશનરશ્રીની સુચના મુજબ પોલીસ અધિકારીઓની કામગીરી બાબતે જરૂરી ચકાસણી કરી પોલીસ કમિશનરશ્રીને કામગીરી બાબતે માહિતગાર કરે છે. સ્ત્રીઓ ઉપર અત્યાચારના મંથલી પત્રકો,લાંચરુશ્વત અને તકેદારી આયુકત મિટિંગ ફાઇલો, ફરિયાદ નિવારણ અંગેની અરજીઓ, સી.એમ.શ્રી/પી.એમ.શ્રીની ઓનલાઇન અરજીઓ ડી.જી.પી.શ્રી ગ્રુહ વિભાગ ધારાસભ્ય શ્રી,માનવ અધિકાર આયોગ,મહિલા આયોગ,તકેદારી આયોગ,એસ.સી.એસ.ટી.આયોગ તરફથી આવતી અરજીઓ વગેરે બાબતે પત્ર વ્યવહાર કરવાની કામગીરી કરવામાં આવે છે.

**(૯) પો.ઇન્સ.શ્રી એમ.ઓ.બી. શાખા** – તેઓશ્રીએ રાજકોટ શહેરના તમામ પો.સ્ટે.ના એમ.સી.આર. કાર્ડનો રેકર્ડ રાખવો તથા ગુન્હા શોધી કાઢવા માટે ગુન્હેગારોને લગતી માહિતી પુરી પાડવી. શહેરના તમામ પો.સ્ટેના ગુમ બાળકોના અપહરણ તથા બિનવારસી લાશની માહિતીનો રેકર્ડ રાખવો. તથા બનાવટી ચલણી નોટ ગાંધીનગર સી.આઇ.ડી. ક્રાઇમ માં માહિતી મોકલવી. નાસતા ફરતા તેમજ હિસ્ટ્રી શીટર ની માહિતી અંગે તમામ પો.સ્ટે.નું જનરલ સુપર વિઝન કરવુ.

**(૧૦)પો.ઇન્સ.શ્રી ફિંગરપ્રિન્ટ શાખા** – રાજકોટ શહેરના તમામ પો.સ્ટે. માં ઓનલાઇન ફિંગરપ્રિન્ટ લેવાતા હોય જેનુ મોનીટરીંગ કરવું તથા જેલમાં સજા પડેલા આરોપીઓના મેન્યુઅલી ફિંગર લેવા તેમજ તડીપાર આરોપીઓના મેન્યુઅલી ફિંગર લઇ એફ.એસ.એલ ગાંધીનગર ખાતે મોકલવા.

**(૧૧) પો.ઇન્સ.શ્રી ટ્રાફિક શાખા-** રાજકોટ શહેરમાં ચાર વિભાગમાં વહેચવામાં આવેલ ટ્રાફિક સેક્ટરમાં ટ્રાફિકનું નિયમન કરાવી કાયદાનું પાલન કરાવવું તથા દંડ વસુલાત, વાહન ડિટેઇન, જનરલ પેટ્રોલીંગ કરવું તથા ટ્રાફિકને લગત સમસ્યાનું નિરાકરણ લાવવા જરૂરી પ્રયત્નો કરવાની કામગીરી કરવામાં આવે છે.

**(૧૨) પો.સ.ઈન્સ. કોમ્પ્યુટર શાખા** – કોમ્પ્યુટર/પ્રિન્ટર હાર્ડવેર તથા સોફ્ટવેર રીપેરીંગ એ.એમ.સી તથા સ્પેર પાર્ટસ પુરા પાડવા. પો.સ્ટે. થતી કામગીરી ઇ-ગુજકોપનું સુપરવિઝન, ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવતા આદેશો મુજબ જી-સ્વાન કનેક્ટિવિટી, વડી કચેરી તરફથી કરવામાં આવતી વી.સી./ક્રાઇમ/પ્રેસ કોન્ફરન્સનું સંચાલન કરવું.

**(૧૩) રીઝર્વ પો.ઈન્સ હેડ કવાર્ટરઃ** - પોલીસ હેડ કવાર્ટરમાં આવેલ તમામ બ્રાન્ચ જેવી કે એકાઉન્ટ રાયટર હેડ/હાજરી માસ્તર/કલોધિંગ રાયટર હેડ/શસ્ત્ર ભંડાર / એમ.ટી.સેકશન ની કામગીરીનું સુપરવિઝન રાખવું. જંગમ મિલકતોનું રક્ષણ, ગાર્ડ ડયુટી,કેદીપાર્ટી, બંદોબસ્ત વિગેરેની ફાળવણી કરવી. તેમજ નોકરીની વહેચણી અને પરેડ ગ્રાઉન્ડ સંબંધિત તમામ કામગીરી તેમજ પો.સ્ટે.તરફથી જયારે જયારે બાંદોબસ્ત માંગવામાં આવે ત્યારે પોલીસના માણસોની ફાળવણી કરવામાં આવે છે. તેમજ શહેરમાં ફાળવવામાં આવેલ પોલીસ ગાર્ડ તથા પોલીસ પાર્ટીની કામગીરી ઉપર જનરલ સુપરવિઝન કરે છે. રાજકોટ શહેરિમાં પોલીસ દળના કર્મચારી અધિકારીઓને પરેડ બાબતેની નિયમોનુસાર તથા પોલીસ કમિશનરશ્રીના આદેશ અનુસારની કામગીરી કરવી તેમજ જરૂરી સુચના આપવાની હોય છે.

**(૧૪) એમ.ટી. પો.ઇન્સ**. – તેઓશ્રીએ રાજકોટ શહેર પોલીસના વાહનોને લગત તેની ફાળવણી કરવી, વાળવણી કરવી, વી.વી.આઇ.પી.બંદોબસ્ત વખતે વાહનોને લગત આયોજન કરવાની કામગીરી હોય છે.